## આંક– ૧ લગત હુકમ

(૧) હાલના કામે આજરોજ કોર્ટ સમય પુરો થતા સુધી ફરિયાદી તથા તેમના વિ.વ.શ્રી નો અવારનવાર પોકાર કરાવતા તેઓ હાજર નથી. હાલના કામે આંક–૦૧ થી રજુ ખાનગી ફરિયાદ નારાયણ ઈન્ડસ્ટ્રીઝ નામની ભાગીદારી પેઢીના ભાગીદાર ડાહ્યાભાઈ નારણદાસ પટેલ નાઓ દ્વારા ઈ.પી.કો. કલમ–૪૦૬, ૪૨૦, ૧૧૪ ના પ્રબંધો હેઠળ તા.૨૧/૦૭/૨૦૧૫ ના રોજ સામાવાળા (૧) એસબીએસ ઓર્ગેનીક્સ પ્રા. લી. (૨) ભરતભાઈ વી. શાહ (૩) મર્હુમ કડયમ ક્રિષ્નન સુન્દરમ નાઓ વિરૂધ્ધ દાખલ કરવામાં આવતા સૌપ્રથમ તા.૦૭/૦૮/૨૦૧૫ ના રોજ ફરિયાદીનુ વેરીફિકેશ લવામાં આવેલ ત્યારબાદ તા.૧૬/૦૯/૨૦૧૫ ના રોજ સી.આર.પી.સી.–૨૦૨ અન્વયે સદર કામે કોર્ટ ઈન્કવાયરીમાં રાખવાનો હુકમ કરવામાં આવેલ.

(૨) સદર કામે ફરિયાદી પર નોટીસ ઈસ્યુ કરવામાં આવતા તે નોટીસ ફરિયાદીને બજી ગયેલ ના શેરા સાથે પરત આવેલ હોવા છતાં ફરિયાદી કે તેમના વકિલશ્રી આજરોજ અત્રેની કોર્ટમાં હાજર રહેલ નથી. કેસ રેકર્ડ વંચાણે લેતા, ફરિયાદપક્ષ દ્બારા ઘણા લાંબા સમયથી અત્રેની કોર્ટમાં હાજર ન રહીને સદર કેસનુ કામ આગળ ચલાવવા કોઈપણ જાતનો પ્રયત્ન કરવામાં આવેલ નથી. અત્રેની અદાલતમાં રહેલ કામગીરીનુ ભારણ ધ્યાને લેતા, આવા કેસો મોટી સંખ્યામાં અદાલતમાં પડી રહેવાના કારણે જે કેસોની કાર્યવાહી અદાલતે ખરેખર હાથ ધરી પક્ષકારોને ન્યાય અપાવવો જોઈએ તેવી અદાલતની કાર્યવાહીમાં ન્યાય વિલંબીત બને છે.

(૩) ભવાની ટેક્ષટાઈલ મીલ્સ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ક્રિમીનલ અપીલ નં.૨૪૦૫/૨૦૦૯ ગુજરાત હાઈકોર્ટ જજમેન્ટ તા.૧૮/૦૧/૨૦૧૦ ના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્બારા પણ ઠરાવેલ છે કે જો ફરિયાદી પોતાની ફરિયાદમાં યોગ્ય પ્રક્રિયા અનુસરીને ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવામાં નિષ્ફળ જાય તો, તેવા કિસ્સામાં અદાલતે ફરિયાદીની ફરિયાદને ડીસમીસ ફોર ડિફોલ્ટ કરવા સબંધેનો ફરમાવેલો હુકમ ન્યાયોચીત હોવાનું ઠરાવેલ હોઈ તેવા સંજોગોમાં હાલની ફરિયાદ સબંધે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવો ન્યાયોચીત જણાય છે.

:: <u>આખરી હુકમ</u> ::

(૧) આંક–૧ની ફરિયાદ ડિસમીસ ફોર ડિફોલ્ટ કરી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૪/૦૩/૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગ/લોક અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

**(ડી.એચ.ખંભાતી)**
અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ (સીટી) કોડ : જીજે–૦૦૮૬૬

તા. ૧૪/૦૩/૨૦૨૬
અમદાવાદ (સીટી).